# પ્રસાર ભારતી

## સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

Date : 01-05-2024 Evening : 7.50 to 8.00

Day : Wedensday National News

આકાશવાણી સમાચાર **રિધ્ધિ પંચાલ** વાંચે છે.

*******************************************

- લોકસભાના ત્રીજા તબક્કા માટે 10 રાજ્યો તેમજ એક કેન્દ્રશાસિત પ્રદેશની મળીને કુલ 93 બેઠકો ઉપર પ્રચાર વેગવાન બન્યો છે
- પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ ગુજરાતના ડિસા અને સાબરકાંઠામાં જ્યારે કૉંગ્રેસના નેતા પ્રિયંકા ગાંધી વાડ્રાએ આસામના ધુબરીમાં જાહેરસભા સંબોધી.
- પદ્મ પુરસ્કાર 2025 માટે ઓનલાઈન નામાંકન અને ભલામણો આજથી શરૂ થઈ ગઈ છે.
- એપ્રિલમાં વસ્તુ અને સેવાકર-જીએસટીમાં અત્યાર સુધી સૌથી વધુ 2 લાખ 10 હજાર કરોડ રુપિયા એકત્રિત થયા
- દુનિયાભરમાં શ્રમિકોના યોગદાનનું સમ્માન કરવા માટે આજે આંતરરાષ્ટ્રીય મજૂર દિવસ માનવવામાં આવી રહ્યો છે.

*******************************************

(ન્યૂઝ બ્રેક – આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો)

(સમાચારને અંતે – આકાશવાણી પરથી સમાચાર પૂરા થયા)

# LOK POLLS- THIRD PHASE

લોકસભાના ત્રીજા તબક્કા માટે 10 રાજ્યો તેમજ એક કેન્દ્રશાસિત પ્રદેશની મળીને કુલ 93 બેઠકો પર, 7 મેના રોજ મતદાન થશે.

મૂળતઃ 94 લોકસભા બેઠકો પર મતદાન થવાનું હતું. જોકે મધ્ય પ્રદેશની બેતુલ લોકસભા બેઠક પર બીજા તબક્કાને બદલે ત્રીજા તબક્કામાં થવા જઈ રહ્યું છે. આ ઉપરાંત ગુજરાતના સુરતમાં ભાજપ ઉમેદવાર બિન-હરિફ ચૂંટાઈ આવ્યા છે, જ્યારે કે જમ્મૂ કાશ્મીરના અનંતનાગ-રાજૌરી બેઠક પર મતદાનની તારીખ બદલાતા હવે કુલ 93 બેઠકો પર મતદાન થશે.

આ તબક્કામાં ગુજરાતની 25 બેઠકો, કર્ણાટકની 14, મહારાષ્ટ્રની 11 અને ઉત્તર પ્રદેશની 10 બેઠકો પર મતદાન થશે. ઉપરાંત મધ્ય પ્રદેશની 9, છત્તીસગઢની 7, બિહારની 5, આસમ, પશ્ચિમ બંગાળની 4 બેઠકો, ગોવા, દીવ-દમણ અને દાદરા નગર હવેલીની એક બેઠક પર મતદાન થશે.

ત્રીજા તબક્કામાં મતદાન પૂર્ણ થતા કુલ 16 રાજ્યોમાં મતદાનની પ્રક્રિયા પૂર્ણ થશે, જેમાં ઉત્તર પૂર્વીય રાજ્યો ઉપરાંત આંદમાન અને નિકોબાર, પુડુચેરી, લક્ષદીપ, દીવ – દમણ તેમજ દાદરાનગર હવેલી સામેલ છે..

# CAMPAIGN OVER ALL

લોકસભા ચૂંટણીની ત્રીજા તબક્કા માટે પ્રચાર અભિયાન તેજ બન્યું છે. ભાજપના વરિષ્ઠ નેતા અને પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી બે દિવસના ગુજરાત પ્રવાસે છે.

બનાસકાંઠાના ડીસામાં ચૂંટણી સભાને સંબોધતા તેમણે કહ્યું કે તેમની સરકાર બંધારણની પવિત્રતા જાળવી રાખવા કટિબદ્ધ છે. વધુમાં શ્રી મોદીએ કહ્યું કે તેમના નેતૃત્વમાં અનુસૂચિત જાતિ, અનુસૂચિત જનજાતિ તેમજ ઓબીસી સમુદાયના અધિકારોની રક્ષા થશે.

**(Byte –**પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી **)**

પ્રધાનમંત્રીએ સાબરકાંઠામાં પણ ચૂંટણી સભા સંબોધી હતી.

ભાજપના વરિષ્ઠ નેતા અને કેન્દ્રીય મંત્રી અમિત શાહે છત્તીસગઢના કઠઘોર વિસ્તારમાં ચૂંટણી સભા કરી હતી. શ્રી શાહે કહ્યું કે જો પ્રધાનમંત્રી મોદીના નેતૃત્વમાં દેશમાં ફરી સરકાર બનશે...તો આગામી બે વર્ષોમાં છત્તીસગઢમાંથી નક્સવાદ નાબૂદ થઈ જશે. તેમણે પૂર્વની કોંગ્રેસ સરકાર સામે નક્સલવાદને પ્રોત્સાહન આપવાનો આરોપ મૂક્યો હતો. તો આ તરફ કોંગ્રેસના વરિષ્ઠ નેતા પ્રિયંકા ગાંધી વાડ્રાએ આસામના ધુબરીમાં જાહેરસભા સંબોધતા ભાજપ સામે પ્રહારો કર્યા.

**(Byte –** પ્રિયંકા ગાંધી, કોંગ્રેસ મહાસચિવ **)**

# EC - CHANDRASHEKAR

ચૂંટણી પંચે તેલંગાણાના પૂર્વ મુખ્યમંત્રી અને BRS વડા કે.ચંદ્રશેખર રાવને કોંગ્રેસ પક્ષ વિરુદ્ધ કથિત અપમાનજનક અને વાંધાજનક નિવેદનો કરવા બદલ 48 કલાક માટે પ્રચાર કરવા પર પ્રતિબંધ મૂક્યો છે. તેમનો પ્રતિબંધ આજે રાત્રે 8:00 વાગ્યાથી લાગુ થશે. ચૂંટણી પંચે ચંદ્રશેખર રાવને આ સમયગાળા દરમિયાન ચાલી રહેલી ચૂંટણીના સંદર્ભમાં કોઈપણ જાહેર સભાઓ, જાહેર સરઘસો, જાહેર રેલીઓ, શો અને મીડિયામાં ઈન્ટરવ્યુ ન યોજવાનો નિર્દેશ આપ્યો હતો.

# ELECTION - JAMMU

ચૂંટણી પંચે કેન્દ્રશાસિત પ્રદેશ જમ્મુ અને કાશ્મીરના અનંતનાગ-રાજૌરી સંસદીય મતવિસ્તારમાં લોકસભા ચુંટણી માટે મતદાનની તારીખ 7 મે થી બદલીને 25 મે કરી છે.

ચૂંટણી પંચે જમ્મુ અને કાશ્મીરના અનંતનાગ-રાજૌરી સંસદીય ક્ષેત્રની લોકસભા ચૂંટણી માટેના મતદાન કાર્યક્રમમાં સુધારો કર્યો છે. આ બેઠક પર ત્રીજા તબક્કામાં 7 મેના રોજ ચૂંટણી થવાની હતી, હવે છઠ્ઠા તબક્કામાં 25 મેના રોજ મતદાન થશે.

# PADMA AWARD NOMINATION

પદ્મ પુરસ્કાર 2025 માટે ઓનલાઈન નામાંકન અને ભલામણો આજથી શરૂ થઈ છે. પદ્મ પુરસ્કારો માટે નામાંકન માટેની છેલ્લી તારીખ 15મી સપ્ટેમ્બર 2024 છે. પદ્મ પુરસ્કારો માટેના નામાંકન/ ભલામણો રાષ્ટ્રીય પુરસ્કાર પોર્ટલ- https://awards.gov.in/ પર ઓનલાઈન પ્રાપ્ત થશે.

પદ્મ પુરસ્કારો, એટલે કે, પદ્મ વિભૂષણ, પદ્મ ભૂષણ અને પદ્મ શ્રી, દેશના સર્વોચ્ચ નાગરિક પુરસ્કારોમાંના એક છે. આ પુરસ્કાર કલા, સાહિત્ય અને શિક્ષણ, રમતગમત, દવા, સામાજિક કાર્ય, વિજ્ઞાન અને એન્જિનિયરિંગ, જાહેર બાબતો, નાગરિક સેવા, વેપાર અને ઉદ્યોગ સહિત તમામ કાર્યક્ષેત્રમાં વિશિષ્ટ અને અસાધારણ સિદ્ધિઓ અને સેવા માટે આપવામાં આવે છે.

# GST

કેન્દ્ર સરકારને જીએસટી એટલે કે, વસ્તુ અને સેવા કરથી અત્યાર સુધીના સૌથી વધુ 2 લાખ 10 હજાર કરોડ રૂપિયા એકત્રિત કર્યા છે... નાણા મંત્રાલયે કહ્યું, જીએસટીની આવકમાં વાર્ષિક ધોરણે 12.4 ટકાનો નોંધપાત્ર વધારો થયો છે...

મંત્રાલયે વધુમાં કહ્યું છે કે, આ વર્ષે એપ્રિલ મહિનામાં રિફન્ડ પછી ચોખ્ખી વસ્તુઅને સેવા કરની આવક 1 લાખ 92 હજાર કરોડ રૂપિયા હતી... આ આંકડો 15.5 ટકાનો વધારો દર્શાવે છે. જ્યારે ગયા વર્ષના સમાન સમયગાળાની સરખામણીમાં આ 17 ટકાથી વધુનો વધારો છે..

# LABOUR DAY

દુનિયાભરમાં શ્રમિકોના યોગદાનનું સમ્માન કરવા માટે આજે આંતરરાષ્ટ્રીય મજૂર દિવસ માનવવામાં આવી રહ્યો છે.

તેને ‘મે દિવસ’ના નામે પણ ઓળખવામાં આવે છે. દુનિયાભરમાં આર્થિક અને સામાજિક અધિકારોં મેળવવામાં શ્રમિકોએ આપેલા બલિદાનને શ્રદ્ધાંજલિ આપવા હેતુથી તેની ઉજવણી કરવામાં આવે છે. આ પ્રસંગે દેશ  અને દુનિયાભરમાં વિવિધ પરેડ અને મેળાવડાઓ યોજાઈ રહ્યા છે..

# - FOUNDATION DAY

ગુજરાત અને મહારાષ્ટ્રનો આજે 65મો સ્થાપના દિવસ છે. આ પ્રસંગે રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુ, ઉપરાષ્ટ્રપતિ જગદીપ ધનખડ અને પ્રધાનમંત્રી મોદી સહિતના નેતાઓએ નાગરિકોને શુભેચ્છા પાઠવી હતી. આજના દિવસે એટલે કે 1 મે....1960ના રોજ બોમ્બે સ્ટેટનું વિભાજન થયું અને ગુજરાત તેમજ મહારાષ્ટ્રની રચના થઈ. ગુજરાતના 65માં સ્થાપના દિનની રાજ્યપાલ આચાર્ય દેવવ્રત, મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલ સહિતના નેતાઓએ પણ શુભકામનાઓ પાઠવી છે..

# PREZ DROUPADI MURMU AYODHYA VISIT

રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મૂએ અયોધ્યામાં શ્રીરામ મંદિરમાં શ્રીરામ લલ્લાના દર્શન કર્યા હતા... આ પહેલાં તેમણે અહીં સરયુ ઘાટ પર પૂજા-અર્ચના અને આરતી કરી હતી....અહીં તેમની સાથે ઉત્તરપ્રદેશનાં રાજ્યપાલ આનંદીબેન પટેલ પણ ઉપસ્થિત રહ્યા હતા...

આ પહેલાં રાષ્ટ્રપતિએ શ્રી હમુમાનગઢી મંદિરમાં પણ પૂજા કરી હતી... મહત્વનું છે કે, 22 જાન્યુઆરીએ શ્રીરામ મંદિરની પ્રાણ પ્રતિષ્ઠા બાદ તેઓ પહેલી વખત અયોધ્યાની મુલાકાતે આવ્યા છે.

# - CHILD EDUCATIONALLOWANCE

કેન્દ્ર સરકારે કેન્દ્રિય કર્મચારીઓને અપાતા શિક્ષણ અને હૉસ્ટેલ સબસિડીના ભથ્થામાં વધારો કરી તેમને મોટી ભેટ આપી છે.... કેન્દ્ર સરકારનો આ નિર્ણય આ જ વર્ષે જાન્યુઆરીમાં મોંઘવારી ભથ્થું 50 ટકા સુધી પહોંચ્યા બાદ આવ્યો છે....

કેન્દ્ર સરકારના આ નિર્ણય મુજબ, કેન્દ્રિય કર્મચારીઓને શિક્ષણ ભથ્થા માટે દર મહિને 2 હજાર 812 રૂપિયા અને હૉસ્ટેલ સબસિડી માટે દર મહિને 8 હજાર 437 રૂપિયા કર્મચારીઓને મળવાપાત્ર થશે... જ્યારે દિવ્યાંગ બાળકો માટે શિક્ષણ ભથ્થું 5 હજાર 625 રૂપિયા નક્કી કરવામાં આવ્યા છે.... મહત્વનું છે કે, સરકારનો આ નિર્ણય કર્મચારી, જાહેર ફરિયાદ અને તાલીમ મંત્રાલયના વર્ષ 2018ના નિર્દેશનું પાલન કરે છે.. જેના મુજબ, જ્યારે પણ મોંઘવારી ભથ્થું 50 ટકા વધશે તો ભથ્થા અને રાહતમાં પણ 25 ટકાની વૃદ્ધિ થશે.

# LPG PRICE

ઓઇલ માર્કેટિંગ કંપનીઓએ તાત્કાલિક અસરથી કોમર્શિયલ એલપીજી ગેસ સિલિન્ડરના ભાવમાં પ્રતિ યુનિટ 19 રૂપિયાનો ઘટાડો કર્યો છે.

ઈન્ડિયન ઓઈલ દ્વારા જાહેર કરાયેલી નવી કિંમત મુજબ 19 કિલોના કોમર્શિયલ એલપીજી સિલિન્ડરની છૂટક વેચાણ કિંમત દિલ્હીમાં 1 હજાર 745.50, કોલકાતામાં 1 હજાર 859 રૂપિયા, મુંબઈમાં 1 હજાર 698.5 રૂપિયા અને ચેન્નાઈમાં 1 હજાર 911 રૂપિયા હશે. સબસિડી વિનાના, સ્થાનિક વપરાશના એલપીજીના ભાવ જો કે હાલના સ્તરે યથાવત રાખવામાં આવ્યા હતા..

# CHINA HIGHWAY COLLAPSE

દક્ષિણ ચીનના ગુઆંગડોંગ પ્રાંતમાં આજે ભારે વરસાદને કારણે હાઇવેનો એક ભાગ તૂટી પડતાં 24 લોકોનાં મોત થયાં છે. રાજ્ય સમાચાર એજન્સીએ જણાવ્યું હતું કે, મેઇઝોઉ શહેર અને ગુઆંગડોંગ પ્રાંત વચ્ચેનો માર્ગ આજે સવારે તૂટી પડ્યો હતો. આ ઘટનાને કારણે 54 લોકો સહીત 20 વાહનો ફસાયા હતા.

તાજેતરના અઠવાડિયામાં આવેલ વ્યાપક પૂરના કારણે એક લાખથી વધુ લોકોને સ્થળાંતર કરવાની ફરજ પડી છે. લગભગ 500 લોકો રાહત અને બચાવ કામગીરીમાં જોડાયેલ છે.